For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# આજે વિઘ્નહર્તાની વિદાય



(તસવીર : સતીષ જાદવ)

**કૃત્રિમ** તળાવમાં 5 ફૂટ સુધીની પ્રતિમાઓનું વિસર્જન

**મગદલ્લા**-ડુમસ ખાતે 5થી 10 ફૂટની આશરે 5000 હજાર પ્રતિમાઓ

**હજીરા** ખાતે 10 ફૂટથી મોટી 1200થી વધુ પ્રતિમાઓનું વિસર્જન થશે

**સુરતઃ અગિયાર દિવસથી ચાલી રહેલા ગણેશોત્સવના સમાપન સાથે આજે શહેરમાં શ્રીજીની પ્રતિમાઓના વિસર્જનની પ્રક્રિયા હાથ ધરાશે. ગણેશ વિસર્જનને લઈને શહેરના વિવિધ વિસ્તારોમાં તંત્ર અને આયોજકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. પ્રતિમાના કદ પ્રમાણે અલગ-અલગ સ્થળોએ વિસર્જનની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી મોટી સંખ્યામાં પ્રતિમાઓનું વિસર્જન સુવ્યવસ્થિત રીતે થઈ શકે. શહેરમાં પાંચ ફૂટ સુધીની ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન કૃત્રિમ તળાવોમાં કરવામાં આવશે. ઘરે સ્થાપેલી મૂર્તિ તેમજ નાની પ્રતિમાઓ માટે બનાવવામાં આવેલા કૃત્રિમ તળાવો ખાતે દિવસ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો અને આયોજકો પ્રતિમા લઈને પહોંચશે. બીજી તરફ પાંચથી દસ ફૂટ સુધીની પ્રતિમાઓ માટે મગદલ્લા અને ડુમસ ખાતે વિસર્જનની વ્યવસ્થા કરવામાં આવી છે. બંને સ્થળોએ અંદાજે 5000 થી વધુ પ્રતિમાઓનું વિસર્જન થવાનો અંદાજ છે. જ્યારે દસ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી વિશાળ પ્રતિમાઓ માટે હજીરા ખાતે અંદાજે 1200 થી વધુ પ્રતિમાનું વિસર્જન કરવામાં આવશે. મોટા કદની પ્રતિમાઓને મંડપથી વિસર્જન સ્થળ સુધી લઈ જવા માટે વિશેષ વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. ગણેશ પ્રતિમાઓના આગમન સાથે વિસર્જન સ્થળોએ ભક્તો અને આયોજકોની ભારે ભીડ થવાની શક્યતા હોવાથી વ્યવસ્થા જાળવવા માટે તંત્ર દ્વારા પણ જરૂરી આયોજન કરવામાં આવ્યું છે.**

## શ્રીજીના દર્શન માટે એકથી બે કિલોમીટરની લાંબી કતારો

સુરતઃ 11 દિવસથી ચાલી રહેલા ગણેશોત્સવના અંતિમ તબક્કામાં સુરત શહેરમાં ભક્તિનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો હતો. આજે શ્રીજીની પ્રતિમાઓના વિસર્જન સાથે ગણેશોત્સવનું સમાપન થવાનું હોવાથી છેલ્લા બે દિવસથી શહેરના વિવિધ ગણેશના મંડપોમાં રાત્રિના સમયે ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. મોટા ગણેશ પંડાલોમાં શ્રીજીનાં દર્શન માટે એકથી બે કિલોમીટર સુધીની લાંબી કતારો જોવા મળતા અનેક વિસ્તારોમાં મોડી રાત સુધી ભક્તિમય માહોલ છવાયેલો રહ્યો હતો .અડાજણ, ગોલવાડ, પાલ, અઠવા સહિતના

...અનુસંધાન પાના ૧૩ પર

## એરપોર્ટના મુસાફરોને 3 કલાક વહેલા નીકળવાની સલાહ

સુરતઃ ગણપતિ વિસર્જનના દિવસે સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં ભારે વાહનવ્યવહાર તથા ટ્રાફિક જામની સંભાવનાને પગલે સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ સત્તાવાળાઓએ હવાઈ મુસાફરો માટે મહત્વપૂર્ણ મુસાફરી સૂચના જાહેર કરી છે. એરપોર્ટથી આવન-જાવન કરતા મુસાફરોને ફ્લાઇટના નિર્ધારિત પ્રસ્થાન સમયના ઓછામાં ઓછા ત્રણ કલાક પહેલાંનો વધારાનો સમય ધ્યાનમાં રાખીને મુસાફરીનું આયોજન કરવા સલાહ આપવામાં આવી છે. એરપોર્ટ ડિરેક્ટર દ્વારા જાહેર કરાયેલી સૂચના મુજબ ગણપતિ વિસર્જન દરમિયાન ડુમસ બીચ, હજીરા પોર્ટ અને મગદલ્લા પોર્ટ આસપાસ ટ્રાફિકનું ભારણ વધવાની શક્યતા છે. આ

...અનુસંધાન પાના ૧૩ પર

# કૃત્રિમ તળાવોમાં 2.60 કરોડ લીટર પાણી વપરાશે

21 ઓવારાઓ પર 3265 કર્મચારીઓ, 545 હેવી વ્હીકલ, 39 ક્રેઇન અને હાઇડ્રોલિક પ્લેટફોર્મ તેમજ 14 જેસીબી અને 33 ટ્રેક્ટર તૈનાત કરાયાં

સુરત : શહેરમાં ગણેશ ઉત્સવ દરમિયાન તાપી નદીને પ્રદૂષણમુક્ત રાખવા અને પર્યાવરણની જાળવણી માટે સુરત મહાનગરપાલિકા દ્વારા દર વખતની જેમ આ વખતે પણ વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. ગણેશ વિસર્જન પર્વ માટે શહેરના

...અનુસંધાન પાના ૧૩ પર

**SMCની વિસર્જન માટેની તૈયારી**

| 3265 | 545 | 39 | 14 | 33 | 21 |
|---|---|---|---|---|---|
| કર્મચારી | હેવી વ્હીકલ | ક્રેઇન | જેસીબી | ટ્રેક્ટર | ઓવારા |

### ઝોનવાઇઝ કૃત્રિમ તળાવોની જગ્યાઓનું લિસ્ટ

**સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)**

- ડુમસ (કાદી ફળિયા-૧)
- ડુમસ (કાદી ફળિયા-૨)
- વેસુ: નં. ૦૭ (વેસુ-મગદલ્લા), નંદિની-૩ ની સામે, વી.આઇ. પી. રોડ નં. ૦૭ (વેસુ), વાસ્તુગ્રામ નજીક, વી.આઇ.પી. રોડ, વેસુ

**પશ્ચિમ ઝોન (રાંદેર)**

- જહાંગીરપુરા: પરિશ્રમ પાર્ક પાસે
- પાલ: પાલ આર.ટી.ઓ. પાસે
- અડાજણ: રામજી ઓવારા, સ્ટાર બજારની સામે
- પાલનપુર: પાલનપુર કેનાલ રોડ, નક્ષત્ર વ્યુ સામે



**નોર્થ ઝોન (કતારગામ)**

- **કતારગામ:** લંકાવિજય ઓવારા પાસે
- **સિંગણપોર:** ડી-માર્ટ પાસે
- **કોસાડ:** કોસાડ એચ-૫ આવાસ પાસે
- **ડભોલી:** વણઝારાવાસ પાસે

**સેન્ટ્રલ ઝોન:** ગાંધી બાગની પાછળ, ડક્કા ઓવારા, ચોક

# હજીરા બોટ પોઈન્ટ ઓવારા પર વિશાળ ગણેશ પ્રતિમાના વિસર્જનની તૈયારી પૂરી

**15 ક્રેન,** 15 ફોર્કલિફ્ટ, 15 ગેસ કટર અને 600 સ્વયંસેવકોની ટીમ ખડેપગે રહેશે; રાધેક્રિષ્ણ ગ્રુપ દ્વારા સતત આઠમા વર્ષે આયોજન

### શ્રીજીની પ્રતિમાને વહેલા લાવવા મંડળોને અપીલ

વિશાળ પ્રતિમાઓના વિસર્જનમાં સ્વાભાવિક રીતે વધુ સમય લાગતો હોવાથી રાધેક્રિષ્ણ ગ્રુપના મુકેશ સોની અને સતિષ પટેલે ગણેશ મંડળોને તેમના શ્રીજીની પ્રતિમાઓ વહેલી તકે બોટ પોઈન્ટ ઓવારા ખાતે લાવવા અપીલ કરી છે. મંડળો વહેલા પહોંચે તો ક્રમબદ્ધ રીતે વિસર્જનની કામગીરી હાથ ધરી શકાય અને વિસર્જનની વિધિ સમયસર પૂર્ણ કરવામાં સરળતા રહે તેમ તેમણે જણાવ્યું છે.

સુરતઃ ગણેશોત્સવના સમાપન સાથે શ્રીજીની વિશાળ પ્રતિમાઓના વિસર્જન માટે હજીરા ખાતે આવેલા બોટ પોઈન્ટ ઓવારા પર રાધેક્રિષ્ણ ગ્રુપ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. શહેરમાં દર વર્ષે મોટી સંખ્યામાં વિશાળકાય ગણેશ પ્રતિમાઓનું વિસર્જન અહીં કરવામાં આવે છે ત્યારે આ વર્ષે મૂર્તિઓની સંખ્યા અને કદને ધ્યાનમાં રાખીને વ્યવસ્થામાં પણ વધારો કરવામાં આવ્યો છે.

રાધેક્રિષ્ણ ગ્રુપના સતિષ પટેલ અને મુકેશ સોનીના જણાવ્યા મુજબ, ગત વર્ષે 12 ક્રેનની મદદથી ગણેશ પ્રતિમાઓના વિસર્જનની કામગીરી કરવામાં આવી હતી.

...અનુસંધાન પાના ૧૩ પર

# 30 વર્ષ જૂના એપાર્ટ.ના ફ્લેટમાં સ્લેબ પડતાં કાટમાળમાં યુવાન દબાઈ ગયો

**જર્જરિત** સરસ્વતી એપાર્ટમેન્ટમાં યુવાનનાં માતા-પિતા અને બહેન બીજા રૂમમાં હોવાથી બચી ગયાં

**માતા**-પિતા અને બહેનની નજર સામે જ એકનો એક દીકરો કાટમાળમાં દબાતાં ભારે આક્રંદ



સુરતઃ વરાછા ઝોનના અશ્વિનીકુમાર રોડ પર જર્જરિત સરસ્વતી એપાર્ટમેન્ટમાં સ્લેબ ધરાશાયી થતાં 19 વર્ષીય યુવકનું કરુણ મોત નીપજ્યું હતું. અંદાજે 30 વર્ષ જૂના આ એપાર્ટમેન્ટના ત્રીજા માળે આલોક શિવરતનભાઈ કોરી પોતાના રૂમમાં હાજર હતો, ત્યારે અચાનક સ્લેબ અને ફ્લોરિંગ ધડાકાભેર તૂટી પડતાં તે કાટમાળ

...અનુસંધાન પાના ૧૩ પર

### મનપાની નોટિસ છતાં 16 પૈકી 8 પરિવારોએ ફ્લેટ ખાલી કર્યા નહોતા

મહત્ત્વની બાબત એ છે કે આ એપાર્ટમેન્ટ જર્જરિત હાલતમાં હોવાથી સુરત મહાનગરપાલિકા દ્વારા અગાઉ નોટિસ આપવામાં આવી હતી. 30 વર્ષ જૂના આ એપાર્ટમેન્ટમાં કુલ 16 ફ્લેટ પૈકી નોટિસ બાદ 8 પરિવારો મકાન ખાલી કરી અન્યત્ર રહેવા ચાલ્યા ગયા હતા, જ્યારે આલોકના પરિવાર સહિત 8 પરિવારો હજુ પણ ત્યાં રહેતા હતા. યુવકના

...અનુસંધાન પાના ૧૩ પર

# આખરે સુરતની પહેલી ઉદયપુર સુધીની વંદે ભારતનો 3જી ઓક્ટો.થી પ્રારંભ



**મંગળવારે** ટ્રેન નહીં દોડે, એ દિવસે ઉદયપુરમાં વીકલી મેઈન્ટેનન્સ થશે

**11** ખામીઓવાળા ફિઝિબિલિટી સર્વે બાદ રેલવેએ કાઢ્યો રસ્તો

### સુરતથી સવારે 6.10 વાગ્યે ટ્રેન ઉપડશે

ટ્રેનના સમયની વાત કરીએ તો સુરતથી ટ્રેન સવારે 6:10 વાગ્યે રવાના થઈને બપોરે 1:40 વાગ્યે ઉદયપુર પહોંચશે. પરત ફરતી વખતે ઉદયપુરથી આ ટ્રેન બપોરે 3:35 વાગ્યે ઉપડશે અને રાત્રે 11 વાગ્યે સુરત પહોંચશે. રસ્તામાં ભરૂચ, આણંદ, મણિનગર, અસારવા, હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર અને જાવર જેવા મુખ્ય સ્ટેશનો પર તેનો સ્ટોપ રહેશે. આ સેવાથી સુરતના કાપડ-ડાયમંડના વેપારીઓ, ઉદયપુરના માર્બલ વેપારીઓ તેમજ ગુજરાત અને દક્ષિણ ભારતમાં રહેતા મેવાડ ક્ષેત્રના પ્રવાસીઓને સીધી કનેક્ટિવિટી મળશે. તો ગુજરાતથી ઉદયપુર આવતા પ્રવાસીઓ માટે પણ ઝડપી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

સુરતઃ સુરતને પહેલી વંદે ભારત મળવાની રાહમાં મેન્ટેનન્સને લઈને ઉઠેલા સવાલો વચ્ચે હવે મોટું અપડેટ સામે આવ્યું છે. સતત ફોલોઅપ અને રેલવે સ્તરે થયેલી કવાયત બાદ સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસનું સંચાલન 3 ઓક્ટોબરથી શરૂ કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. ટ્રેન અઠવાડિયામાં છ દિવસ દોડશે, જ્યારે મંગળવારે તેનું સંચાલન નહીં થાય. આ જ દિવસે ઉદયપુરમાં ટ્રેનનું સાપ્તાહિક ડિટેલ મેન્ટેનન્સ કરવામાં આવશે. બાકીના દિવસોમાં ટ્રેનના પ્રાથમિક મેન્ટેનન્સની વ્યવસ્થા સુરતમાં હાલના કોચિંગ ડેપોની સુવિધાઓના આધારે કરવામાં આવશે. અગાઉ વંદેભારત ટ્રેન ઉદયપુરથી રાત્રે ઉપડવાની વાતનો આ સાથે છેદ ઉડી ગયો છે.

...અનુસંધાન પાના ૧૩ પર


:: માટી પુરાણ માટે કોન્ટ્રાકટ આપવાનો છે ::

મોજે : માખીગા, તા. પલસાણા,જી સુરતના બ્લોક નં. ૧૬૨, ૧૭૩, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૮, ૧૭૯ અને ૧૮૦ વાળી જમીનોમાં માટી પુરાણ અને લેવલીગની કામગીરી માટે સ્થળ-સ્થિતિ ચકાસીને કરી શકે તેવી કામગીરી માટે અનુભવી કોન્ટ્રાકટર પાસે ક્વોટેશન મંગાવવામાં આવે છે. આ મુજબની કામગીરી સ્થળ ઉપરના આયોજન મુજબના સુચિત અવરજવર માટેના રસ્તાના લેવલીગ સાથે કરવાની છે અને આ કામગીરી માટે રૂબરૂમાં સ્થળ ઉપર ત્રણ દિવસ દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.

સમય : સવારે ૧૦-૩૦ થી બપોરે ૧૨-૦૦ કલાક દરમ્યાન.
સંપર્ક :ઉકાભાઇ સોમાભાઇ રાઠોડ મોબાઇલ નં. ૬૩૫૯૦૦૫૫૧૬
નોંધ : ઉપરોક્ત વિગત માટે જો કોઈ કાનુની જાણકારીની આવશ્યકતા જણાય તો સંપર્ક કરવો.
સંપર્ક :શૈલેષ ઈશ્વરભાઈ પટેલ, એડવોકેટ
પહેલા માળે, ભાગ્યોદય હાઉસ, વડોદરા.


**સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં એક રેસિડેન્ટ ડોક્ટરનો આપઘાત**

# પરીક્ષામાં ફેઈલ થતાં રેસિડેન્ટે નસ કાપી નાંખી

**નવી** સિવિલ હોસ્પિટલના એનાટોમી વિભાગમાં પીજીમાં ત્રીજા વર્ષમાં ભણતાં ડો. યોગેન પ્રજાપતિએ ડિસેક્શન હોલમાં જ મોતને વહાલું કરી લીધું

**મૂળ** અમદાવાદના વતની ડો. યોગેન પ્રજાપતિ નવી સિવિલના કેમ્પસમાં હોસ્ટેલમાં પત્ની સાથે રહેતા હતા



સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં રેસિડેન્ટ ડોક્ટરના રહસ્યમય સંજોગોમાં થયેલા મોતની વધુ એક ઘટના સામે આવતા મેડિકલ વર્તુળમાં ચકચાર મચી છે. ગુરૂવારે બપોરે સરકારી મેડિકલ કોલેજના એનાટોમી વિભાગના ડિસેક્શન હોલમાંથી ત્રીજા વર્ષના રેસિડેન્ટ ડોક્ટર ગંભીર હાલતમાં મળી આવ્યા હતા. સાથી વિદ્યાર્થીઓ અને સ્ટાફની જાણ થતાં તેમને તાત્કાલિક ટ્રોમા

...અનુસંધાન પાના ૧૩ પર

### પરીક્ષાના પરિણામ સહિતના મુદ્દાઓની પણ તપાસ થશે

સૂત્રોના જણાવ્યા મુજબ તાજેતરમાં પીજીના ત્રીજા વર્ષનું અંતિમ પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું અને તેમાં ડો. યોગેન સફળ થયા ન હોવાનું ચર્ચાઇ રહ્યું છે. આ ઉપરાંત તેઓ અગાઉથી માનસિક તણાવને લગતી સારવાર લઈ રહ્યા હોવાની પણ ચર્ચા છે. જોકે આ બંનેમાંથી કોઈ બાબતને મોતનું કારણ માનવું હાલ વહેલું છે. પોલીસ

...અનુસંધાન પાના ૧૩ પર

### પત્ની પણ તબીબ, એક સંતાન

ડો. યોગેન પ્રજાપતિના પરિવારમાં પત્ની પણ હોમિયોપેથિક ડોક્ટર છે અને તેમને એક સંતાન હોવાનું જાણવા મળ્યું છે. યુવાન ડોક્ટરના અચાનક મોતથી પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે. ઘટનાની જાણ થતાં પરિવારજનો સુરત પહોંચ્યા

...અનુસંધાન પાના ૧૩ પર

### સાથીઓએ શોધતાં ડિસેક્શન હોલમાં મળ્યા

ડો. યોગેન લાંબા સમય સુધી નજરે ન પડતાં તેમના સાથી વિદ્યાર્થીઓએ તેમની શોધખોળ કરી હતી. શોધખોળ દરમિયાન તેઓ એનાટોમી વિભાગના ડિસેક્શન હોલમાં ગંભીર હાલતમાં મળી આવ્યા હતા. ત્યારબાદ શિક્ષકો

...અનુસંધાન પાના ૧૩ પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦




## ભાવભીની શ્રદ્ધાંજલિ

**સ્વ. નગીનભાઈ છીબાભાઈ પટેલ**

સ્વ. તા. ૨૩-૦૯-૨૦૨૬

સજજનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂં જીવન હતું,
સત્કર્મ તમારી શોભા અને પરોપકાર તમારું કર્તવ્ય હતું,
ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહી,
એવા આપના દિવ્ય આત્માને પ્રભુ પરમાત્મા શાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ.

ગં. સ્વ. ધનુબેન એન. પટેલ
ધનસુખભાઈ નાથુભાઈ પટેલ (પૂર્વ ધારાસભ્ય ઓલપાડ)
પ્રવિણસિંહ પી પટેલ (અરેઠ)
સુરેન્દ્રસિંહ અભેસિંહ દેવધરા (વડોલી)
ઠાકોરભાઈ બાલુભાઈ પટેલ (ઓલપાડ)
રમેશભાઈ ભીખાભાઈ પટેલ (ભાદોલ)
વિઠ્ઠલભાઈ બી. પટેલ (કરમલા)
રસિકભાઈ ઈશ્વરભાઈ પટેલ (સોંદલાખારા)
સચીનભાઈ નરેશભાઈ પટેલ (અરિયાણા)

ગં. સ્વ. નીતાબેન નરસિંહ પટેલ
ઉમિલાબેન ડી. પટેલ
સીમાબેન પી. પટેલ
રંજનબેન એસ. દેવધરા
જશુબેન ટી. પટેલ
જાગૃતિ આર. પટેલ
જયાબેન વી. પટેલ
નીતાબેન આર. પટેલ
જિજ્ઞાસા એસ. પટેલ